# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-04-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મુંબઈમાં ભારતીય રિઝર્વ બેંકના 90મા સ્થાપના દિવસના સમાપન સમારોહમાં હાજરી આપશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને અન્ય મહાનુભાવો હાજર રહેશે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રા સ્વાગત પ્રવચન આપશે.

રાષ્ટ્રપતિ મુર્મુ ગઈકાલે સાંજે બે દિવસની મુલાકાતે મુંબઈ પહોંચ્યા હતા. રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણન અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું હતું.

--------------------------------------------------------------------------------

## મ્યાનમાર ભૂકંપ- ભારત દ્વારા સહાય

મ્યાનમારના મધ્ય ભાગમાં આવેલા શક્તિશાળી ભૂકંપને પગલે મૃત્યુઆંક બે હજાર 56ને વટાવી ગયો છે અને ત્રણ હજાર 900થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે તેમજ 270 લોકો લાપતા છે. મ્યાનમારના હવામાન અને જળવિજ્ઞાન વિભાગે અહેવાલ આપ્યો છે કે ગઇકાલે સવાર સુધીમાં 2.8 થી 7.5 ની તીવ્રતા ધરાવતા 36 આફ્ટરશોક આવ્યા છે.

મ્યાનમારમાં સાત દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરવામાં આવી છે. મ્યાનમારમાં રાહત અને બચાવ કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરાઇ છે. બીજી તરફ થાઇલેન્ડની રાજધાની બેંગકોકમાં 19 લોકો માર્યા ગયા છે અને 33 ઘાયલ થયા છે. થાઇલેંડમાં કાટમાળ નીચે દબાયેલા 75થી વધુ લોકોને બચાવવાની કામગીરી તંત્ર દ્વારા કરાઇ રહી છે.

બીજી તરફ ગઈકાલે માંડલેમાં ભૂકંપના સ્થળો પર પહોંચ્યા પછી, ભારતની રાહત અને બચાવ  ટીમો બચી ગયેલા લોકોની શોધ અને તબીબી ,આપત્તિ  અને રાહત સહાયમાં સતત કાર્યરત છે. મ્યાનમારના યાંગૂનમાં ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે, માંડલે અને યાંગૂનને વધુને વધુ સહાય મળી રહી છે. ભારત માંડલે, નાયપિટો, સાગાઇંગ અને બાગોના તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને મદદ કરવા માટે પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યુ છે

---------------------------------------------------------------------------------

## કિરેન રિજિજુ- વકફ સુધારા બિલ

કેન્દ્રીય સંસદીય બાબતો અને લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ગઇકાલે જણાવ્યું હતું કે, કેટલાક રાજકીય પક્ષો, સંગઠનો અને જૂથો વકફ સુધારા બિલ અંગે મૂંઝવણ ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે દેશમાં આવા ભ્રમ ફેલાવવાનું બંધ કરવાની  અપીલ કરી છે. સરકાર આ બિલ સંસદમાં લાવવા જઈ રહી છે અને વિપક્ષને તેના પર તાર્કિક ચર્ચા કરવા વિનંતી છે.

તમામ રાજકીય પક્ષોને બિલ પરની ચર્ચામાં ભાગ લેવા તેમણે વિનંતી કરે છે..

---------------------------------------------------------------------------------

## ગૃહમંત્રી અમીત શાહ: નાર્કો નેટવર્કનો પર્દાફાશ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે દિલ્હી-એન. સી. આર. માં એક મોટા નાર્કો નેટવર્કનો પર્દાફાશ થયો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે જણાવ્યું હતું કે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો-એન. સી. બી. અને દિલ્હી પોલીસે ગેંગને પકડી લીધી હતી અને 27 કરોડ રૂપિયાથી વધુની કિંમતના પ્રતિબંધિત નશાકારક પદાર્થો જપ્ત કર્યા હતા.

એનસીબીની ટીમે ચાર   નાઇજીરિયન સહિત  પાંચ લોકોની ધરપકડ પણ કરી હતી.

---------------------------------------------------------------------------------

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટમાં દેશના સૌથી મોટા સેનિટરી પેડ ઉત્પાદન એકમનો શુભારંભ કરાવ્યો. શ્રી પટેલે જણાવ્યું, રાજ્ય સરકારે સામાન્ય માણસને સરળતાથી આરોગ્યની સેવાઓ મળે તેવી સુવિધા વિકસાવી છે. રાજકોટના બિલિયાડા ખાતેથી માસિક સ્વચ્છતા જાગૃતિ કેમ્પનો શુભારંભ કરાવતા શ્રી પટેલે જણાવ્યું કે, રાજ્ય આરોગ્યલક્ષી સેવાઓના ઉત્પાદનમાં અગ્રેસર છે.

---

# વિકસિત ભારત યુવા સંસદ

ગુજરાત વિધાનસભા ખાતે રાજ્ય સ્તરીય વિકસિત ભારત યુવા સંસદ યોજાઈ. જેમાં રાજ્યના તમામ જિલ્લાઓના 10 યુવાનોએ બંધારણના 75 વર્ષની યાત્રા વિષય પર પોતાના વિચાર રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં કુલ 108 યુવાનોએ ભાગ લીધો. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ યુવાઓને એક શ્રેષ્ઠ નેતા, વક્તા બનવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ યુવા સંસદમાં કચ્છની આયુષી કેનિયાએ પ્રથમ સ્થાન, વડોદરાની સોનાલીકા નિગમે દ્વિતીય સ્થાન અને ગાંધીનગરના પ્રથમ ટાકોલિયાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું. ત્રણ વિજેતાઓ કેન્દ્રીય હોલ સંવિધાન સદનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે..

---

# હવામાન

રાજ્યમાં આગામી ચાર દિવસ છુટા છવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગે આજે પંચમહાલ, દાહોદ તેમજ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્રમાં ગીર સોમનાથ, ભાવનગર અમરેલી અને દીવમાં છુટા છવાયા સ્થળોએ વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આજે પોરબંદર, ગીર સોમનાથ અને દીવમાં યલો એલર્ટ જાહેર કર્યું છે.

---

# કચ્છમાં માદક પદાર્થ સામે કાર્યવાહી

કચ્છ જિલ્લામાં માદક પદાર્થના વેચાણની પ્રવૃત્તિ સામે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. ભુજ એસઓજીએ બે શખ્સોની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી 41 લાખની કિંમતનું કોકેઇન અને અફીણ જપ્ત કરવામાં આવ્યું છે. ભુજમાંથી પોલીસે મયૂર સોની અને પંજાબના ગુરદેવસિંઘ ઉર્ફે મનિન્દર સિંઘને પકડ્યા છે. આરોપીઓ પાસેથી 41 ગ્રામ કોકેઇન અને 2 ગ્રામ અફીણ મળી આવ્યું છે. પોલીસે આરોપીઓની કાર**,** મોબાઇલ ફોન અને રોકડ રકમ સહિત કુલ 46 લાખ 20 હજાર 100 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે આરોપીઓ વિરુદ્ધ માનકુવા પોલીસ સ્ટેશનમાં **NDPS** એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---